# નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયામાં થેલેસેમિયા ટેસ્ટ યોજાયો.

તા.15/09/22ને ગુરૂવારના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા ખાતે એન.એસ.એસ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના સહયોગથી થેલેસેમિયા ટેસ્ટ યોજાયો.જેમાં કોલેજની અધ્યાપિકા શ્રીમતી ડૉ. વિમળાબેન ચૌહાણના નેતૃત્વમાં આજનો આ ટેસ્ટ નો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્રભાઇ વાઘેલા, ગોઝારિયા કેળવણી મંડળના હોદ્દેદાર શ્રી જયંતિભાઇ એન. પટેલ તથા કોલેજ પરિવાર ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓ માં આ બાબતે ઉત્સાહ વધાર્યો હતો. સાથે સાથે કેળવણી મંડળના હોદ્દેદાર શ્રી જે. એન. પટેલ સાહેબે આ સંદર્ભે આરોગ્ય લક્ષી બાબતોની ઝીણવટ પૂર્વક સમજણ વિદ્યાર્થિનીઓને આપી. એન.એસ.એસ વિભાગના પ્રો.ઓ શ્રી નરેન્દ્રભાઇ પ્રજાપતિએ આ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી185 વિદ્યાર્થિનીઓના ટેસ્ટ કરાવવામાં સફળતા પ્રાપ્ત કરી.
















